विद्या सर्वार्थ साधिका

# આનંદાલય
## સામયિક પરીક્ષા
## ધોરણ-૭

વિષય: ગુજરાતી — કુલ ગુણ : ૨૦

તા: ૨૧.૯.૨૦૧૯ — સમય : ૧કલાક

નામ : ____________________ ધોરણ: ______ ક્રમાંક: ________________

પ્ર. ૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

૧ વાંદરાનું પૂંછડું થડમાં કેવી રીતે ભરાઈ ગયું ? ૨

૨ લીલા ઘાસ વિશે શિયાળે બકરાને શું જણાવ્યું ? ૨

પ્ર.૨ નિર્દેશ પ્રમાણે લખો.

અ સમાનાર્થી શબ્દ આપો. ૪

| | | |
|---|---|---|
| ૧ | ઉપવન | |
| ૨ | વનરાજ | |
| ૩ | મતિ | |
| ૪ | વંદન | |

બ વિરોધાર્થી શબ્દ આપો. ૪

| | | |
|---|---|---|
| ૧ | હંમેશા | |
| ૨ | પારકો | |
| ૩ | આઝાદ | |
| ૪ | શુભ | |

પ્ર. ૩ અ. ખાલી જગ્યા પૂરો ૨

૧ શિયાળ તરત જ .......... લગાવીને બકરાની પીઠ પર ચઢી ગયું.

૨ આખરે વાનરે પૂંછ કાઢવા જોરદાર ..........માર્યો.

બ. નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો ૨

| | | |
|---|---|---|
| ૧ | સિંહણ શિયાળના બચ્ચાને ત્રીજું બચ્ચું માની ઉછેરવા લાગી. | |
| ૨ | બકરો કૂવાની દિવાલને અઢેલીને બેસી ગયો. | |

પ્ર ૪ નીચે આપેલ વાર્તા વાંચીને પ્રશ્નોનાં જવાબ આપો ૪

કરસનવનમાં બધાં પ્રાણાઆ નિરાંતે રહેતા હતા.જંગલનો રાજા સિંહ ભૂખ્યો થાય ત્યારે એક પ્રાણીનો શિકાર કરતો હતો.પરંતુ બધાએ એને કુદરતની ગોઠવણ માનીને સ્વીકારી લીધું હતું.

એક દિવસ સિંહ ભૂખ્યો થયો.શિકાર કરવા પ્રાણાઆ જ્યાં ચરતા હતાં ત્યાં ગયો.એ જગ્યાએ એક સરસ સોનેરી હરણ ચરતું હતું.સિંહે એનો શિકાર કર્યો.આમ તો એ શિકાર કરી એ સ્થળે જ ખાઈ લેતો હતો પરંતુ આ હરણ એને ખૂબ ગમી ગયું હતું એટલે એને પોતાની ગુફામાં લઈ આવ્યો.

ગુફામાં લાવી હરણને આરોગતો હતો ત્યાં એને વિચાર આવ્યો. 'અરે આવો સ્વાદિષ્ટ ખોરાક તો આજ સુધી નથી ખાધો.આને અડધું સાચવી રાખું કાલે ફરી એની મજા માણીશ.' સિંહે ગુફામાં એક ખૂણો પસંદ કરી ખાડો ખોદયો એમાં બાકીનો ખોરાક મૂકીને એમાં માટી ફેરવી દીધી.તે એક વિશાળ વૃક્ષના છાયામાં નિરાંતે ઊંઘી ગયો.

બીજા દિવસે સિંહને ફરી ભૂખ લાગી.એણે વિચાય લાવ  હરણનું ભોજન કરું ગુફામાં આવીને સિંહે પેલા ખૂણામાં જઈ ખાડો ખોદયો પણ ત્યાં એને એનું ભોજન ન મળ્યું.પોતે જગ્યા ભૂલી ગયો હશે એમ માનીને તેણે બધા ખૂણામાં જોયું પણ તેને તેનું ભોજન ક્યાંય ન મળ્યું.સિંહને ખ્યાલ આવી ગયો કે કોઈએ મારું ભોજન ચોરી લીધું છે.તે ખૂબ જ ક્રોધે ભરાયો.સિંહે ભયાનક ગર્જના કરી અને બોલ્યો "કોણ છે એ જેણે મારા ભોજનની ચોરી કરી છે." આખું જંગલ ધ્રુજી ગયું.નાના પ્રાણીઓ સાંતાઈ

ગયાં.સિંહે તેના પ્રધાન શિયાળને બોલાવ્યું.શિયાળ ધ્રુજતું ધ્રુજતું ગુફામાં આવ્યું અને બોલ્યું “શું વાત છે મહારાજ?” સિંહ બોલ્યો “મારી ગુફામાંથી મારું ભોજન કોણ ચોરી ગયું છે?” શિયાળે ડરતાં ડરતાં કહ્યું “મહારાજ મને ખબર નથી”

સિંહ ખૂબ જ ગુસ્સાથી બોલ્યો “તું પ્રધાન છે તને ખબર કેમ નથી.હાલ ને હાલ ગુનેગારને શોધી લાવ નહીં તો તારો શિકાર થઈ જશે.”શિયાળ ધ્રુજી ગયું એના આખા શરીરે પરસેવો વળી ગયો.એ બોલ્યું “મહારાજ તમે ગુફાની બહાર નીકળ્યા ત્યારે એક વરુ અહીં આટાં મારતું હતું.લાગે છે કે એણે ચોરી કરી હોય.હું તપાસ કરું છું.” સિંહ બોલ્યો “તપાસ શાની? એને અહીં લઈ આવ” શિયાળ વરુને લઈ આવ્યું. સિંહ બોલ્યો “વરુ તારી એટલી હિંમત કે તે મારો ખોરાક ચોરી લીધો?

વરુએ કહ્યું “મહારાજ હું તમારે ત્યાં ચોરીની હિંમત શી રીતે કરી શકું? ગઈકાલે તમે ગુફામાંથી નીકળ્યા પછી આ શિયાળને ગુફાની અંદર જતાં મેં જોયું હતું.” સિંહ ગરજ્યો “શિયાળ તું?” શિયાળ કરગરવા લાગ્યું “મહારાજ વરુ મને ફસાવે છે. હું તો આપનો પ્રધાન છું. હું શા માટે ચોરી કરું?” શિયાળ અને વરુ એકબીજાને ચોર સાબિત કરવા લાગ્યા.આખરે સિંહ બરાડયો “ આ બધું શું માડયું છે? હું બન્નેને મારી નાંખીશ તમારામાંથી જે ગુનેગાર હશે એને એક નિર્દોષની હત્યા કરાવ્યાનું પાપ લાગશે.એનાં બાળકો રખડી પડશે.” આટલું બોલી સિંહ વરુ અને શિયાળ પર ત્રાટકવા જતો હતો ત્યાં જ શિયાળનું બચ્ચું મોંમાં હરણનું હાડકું લઈ દોડતું આવ્યું અને શિયાળને કહેવા લાગ્યું “ પિતાજી નાનો ભાઈ મને આ ખાવા દેતો નથી એને ધમકાવોને.”

સિંહ કહે “ ઓહો તો આ જ છે અસલી ચોર હું એનો જ શિકાર કરીશ.”શિયાળ સિંહના પગમાં પડી ગયું અને રડવા લાગ્યું “મહારાજ મને માફ કરો.હું અસલી ચોર છું.મારી જ દાનત બગડી હતી.મારે મારા બાળકોને આવું સ્વાદિષ્ટ ભોજન ખવડાવવું હતું.” સિંહ વરુને કહ્યુ “આ બચ્ચાને બહાર લઈ જા અને એને એની માં પાસે મૂકી આવ.શિયાળના બચ્ચાને લઈ વરુ બહાર નીકળ્યું કે તરત જ સિંહે શિયાળ પર તરાપ મારી અને શિયાળનો શિકાર કર્યો.

૧. ભૂખ્યા સિંહે કોનો શિકાર કર્યો ?

૨ ગુફામાં જઈને સિંહે શું વિચાર્યુ ?

૩ અસલી ચોર કેવી રીતે પકડાયો ?

| |
|---|
| |
| |
| |
| |

૪ આ વાર્તામાંથી તમને શું શીખ મળે છે ?

| |
|---|
| |
| |
| |
| |